# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

## Shri Govind Guru University

## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/૧૧૩૧૪ તા.૦૬/૧૨/૨૦૧૭

## પરિપત્ર-૪૨૭

સંદર્ભ : એડવાઈઝરશ્રી, કે.સી.જી., અમદાવાદનો તા. ૦૫/૧૨/૨૦૧૭ નો ઈ-મેઈલ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કૉલેજ/માન્ય પી.જી. કેન્દ્રના આચાર્યશ્રીઓને જણાવવાનું કે એડવાઈઝરશ્રી, કે.સી.જી., અમદાવાદના સંદર્ભમાં દર્શિત ઈ-મેઈલ અનુસાર દરેક યુનિવર્સિટી, સરકારી અને ગ્રાંટ ઈન એઈડ કૉલેજના ભૌતિક વિજ્ઞાન વિષયના અધ્યાપકો માટે નવા વિષયો/જ્ઞાન મળી રહે તે માટે તા. ૨૦/૧૨/૨૦૧૭ થી તા. ૨૭/૧૨/૨૦૧૭ સુધી ૬ દિવસ માટે કે.સી.જી. અમદાવાદ ખાતે તાલીમનું આયોજન કરેલ છે. જે ધ્યાને લઈ આપની કોલેજમાં કાર્યરત ભૌતિક વિજ્ઞાન વિષયના અધ્યાપકોને આ તાલીમ અંગે માહિતી આપવા અને હાજર રહેવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

નોંધ :

- આ તાલીમમાં ભાગ લેવા માંગતા દરેક અધ્યાપકશ્રીએ તા. ૦૮/૧૨/૨૦૧૭ સુધીમાં નીચે દર્શાવેલ લીંક પર એનરોલમેન્ટ કરાવવું ફરજીયાત છે.
  http://docs.google.com/forms/d/1X5GcWl_imk94mU2RjRys3_Y0ttFMShRpGnBNHAEQwVo/edit
- આ તાલીમમાં ઉપસ્થિત રહેનાર અધ્યાપકશ્રીને કે.સી.જી., અમદાવાદ દ્વારા T.A. ચૂકવવામાં આવશે નહિ.
- આ તાલીમમાં ઉપસ્થિત રહેનાર અધ્યાપકશ્રીએ રાત્રીરોકાણની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
- આ તાલીમમાં ઉપસ્થિત રહેનાર અધ્યાપકશ્રી માટે ચા-નાસ્તા તથા જમવાની વ્યવસ્થા કે.સી.જી., અમદાવાદ દ્વારા કરવામાં આવશે.
- આ તાલીમમાં ભાગ લેનાર અધ્યાપકશ્રીને સરકારશ્રીની સુચના અનુસાર પગારસહિતની રજાઓ મળવાપાત્ર રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કૉલેજ/માન્ય પી.જી. કેન્દ્રના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- આ યુનિવર્સિટી સંલગ્ન સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજોમાં કાર્યરત ભૌતિક વિજ્ઞાન વિષયના અધ્યાપકશ્રીઓ તરફ જાણ તથા આ તાલીમમાં ભાગ લેવા સારૂ.